ટેકનિક્લ શિક્ષણ વિભાગ અંતર્ગત Admission Committee for Professional Courses (ACPC) અને Admission Committee for Professional Diploma Courses (ACPDC) દ્વારા સ્વનિર્ભર સંસ્થાઓની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવાની તારીખ અને ગુજરાત પ્રાઇવેટ યુનિવર્સીટી એક્ટ ૨૦૦૯ અંતર્ગત પ્રાઇવેટ યુનિવર્સિટી દ્વારા શરૂ કરવામાં આવનાર નવા અભ્યાસક્રમો તથા બેઠકોના વધારા અંગે બાંહેધરી મેળવવા બાબત

શિક્ષણ વિભાગ

ગુજરાત રાજ્ય

પરિપત્ર ક્રમાંક : પરચ/૧૦૨૦૧૯/૬૮૬/સ

તારીખ: ~~૨૬/૦૭/૨૦૧૯~~ 30 JUL 2019

**વંચાણે લીધા**

(૧) કમિશનરશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરીનો પત્ર ક્રમાંક સીટીઈ/પ્રવેશ-૨૦૧૯-૨૦/મીટીંગ/ક/૭૮૦૬ તા.૨૪/૫/૨૦૧૯

(૨) કમિશનરશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરીનો પત્ર ક્રમાંક સીટીઈ/પ્રવેશ-૨૦૧૯-૨૦/મીટીંગ/ક/૭૮૦૭ તા.૨૪/૫/૨૦૧૯

**પરિપત્ર**

સ્વનિર્ભર સંસ્થાઓની પ્રોફેશનલ અભ્યાસક્રમોમાં પ્રવેશ કાર્યવાહી અંગે માન. શિક્ષણ મંત્રીશ્રીને કરવામાં આવેલ વિવિધ રજૂઆતના મુદ્દાઓને ધ્યાને લઈ કમિશનર, ટેકનિક્લ શિક્ષણની વંચાણે લીધેલ દરખાસ્તના અનુસંધાનમાં નીચે મુજબની કાર્યવાહી કરવા જણાવાવામાં આવે છે.

1. Admission Committee for Professional Courses (ACPC) અને Admission Committee for Professional Diploma Courses (ACPDC) દ્વારા પ્રવેશ કાર્યવાહિ પૂર્ણ કર્યા બાદ ખાલી રહેલ બેઠકો પ્રવરતમાન પ્રવેશ નિયમો પ્રમાણે Vacant Seats તરીકે જાહેર કરી જે તે સ્વ-નિર્ભર સંસ્થાઓને ભરવા માટે આપવામાં આવે છે. સ્વ-નિર્ભર સંસ્થાઓ દ્વારા આવી ખાલી બેઠકો ભરવા અંગેની પ્રવેશ પ્રક્રિયાની આખરી તારીખ ૩૧ ઓગસ્ટ રાખવાની રહેશે.

ટેકનીકલ શિક્ષણ સંચાલકની
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
પત્ર મળ્યાની તારીખ
01 AUG 2019
જેને મોકલ્યો તે આવક રજીસ્ટરની
શાખાનું નામ ક્રમાંક 1384

ACPC/ACPDC 82 2/8



9/8 2/8/19

2. All India Council for Technical Education ની પબ્લિક નોટીસ નંબર UB/04(03)/2011 માં પ્રાઇવેટ યુનિવર્સિટીને ભારતીદાસન યુનિવર્સીટી વિ. AICTE ના કેસમાં નામ. સુપ્રિમ કોર્ટના ચુકાદા અનુસાર કોઈપણ નવા અભ્યાસક્રમ / કોર્સ શરૂ કરવા બાબતે આપેલ નિર્દેશ અનુસાર AICTEની મંજુરી લેવી જરૂરી નહી હોવાનું જણાવેલ છે. પરંતુ, પ્રાઇવેટ યુનિવર્સિટી માટેના UGC (ESTABLISHMENT OF AND MAINTENANCE OF STANDARDS IN PRIVATE UNIVERSITIES) REGULATIONS, 2003 તથા Gujarat Private University Act, 2009માં સંબંધિત Statutory Authorities દ્વારા વખતો વખત લાગુ કરેલ જોગવાઇઓ કે જેમાં Faculty, Infrastructure facilities, Financial viability જેવા મુદ્દાઓ બાબતે સંબંધિત Statutory Authority એ લાગુ પાડેલ Minimum Criteria સંતોષાય તે જોવું જરૂરી હોવાનું જણાવેલ છે. આથી આવી પ્રાઇવેટ યુનિવર્સીટી(ઓ) પાસેથી નવા અભ્યાસક્રમની અથવા બેઠકોના વધારાની માંગણીના અનુસંધાનમાં પ્રવેશ બાબતે સંબંધિત પ્રાઇવેટ યુનિવર્સિટી(ઓ) પાસેથી સંલગ્ન statutory council ના નિયત કરેલા માપદંડો ને પ્રમાણિત કરતા બાહેધરી પત્ર મેળવીને પ્રવેશ અંગે કાર્યવાહી કરવાની રહે છે. તે મુજબ સંબંધિત યુનિવર્સીટી(ઓ) પાસેથી આ સાથે સામેલ Annexure મુજબ બાંહેધરી પત્ર મેળવીને પ્રવેશ સમિતિએ આ અંગેની આનુષાંગિક કાર્યવાહી કરવાની રહેશે.

3. પ્રોફેશનલ અભ્યાસક્રમોમાં પ્રવર્તમાન પ્રવેશ નિયમો અનુસાર Vacant Seats સ્વ-નિર્ભર સંસ્થાઓને ભરવા માટે આપવામાં આવે છે. તે ભરવા માટે AICTE Process Handbook માં જે તે ડીગ્રી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ડિપ્લોમાની સમાન પ્રકારની સૌથી નજીકની જે બ્રાન્ચીસ છે તેનું mapping આપવામાં આવ્યું છે. આથી ખાલી રહેલ બેઠકો પર પ્રવેશ આપવા માટે Annual Process Handbook ના Annexure-3 (3.0) - Closest Nomenclature of Undergraduate Degrees for the Diploma in Engineering & Technology માં દર્શાવેલ mapping મુજબ પ્રવેશ આપવા અંગે પ્રવેશ સમિતિએ કાર્યવાહી કરવાની રહેશે.

ઉક્ત મુદ્દાઓ બાબતે સરખા ક્રમાંકની ફાઇલ પર માન. મંત્રીશ્રી (શિક્ષણ)ની મળેલ અનુમતિ અન્વયે કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

બિડાણ: Annexure

(બી. પી. મેનપરા)
ઉપસચિવ (ટેકનિકલ શિક્ષણ)

પ્રતિ,

- કમિશનરશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી, કર્મયોગી ભવન, ગાંધીનગર ને જાણ તથા જરૂરી કાર્યવાહી સારુ
- સીલેક્ટ ફાઇલ (સ શાખા)

# Annexure

## Letter Head

## UNDERTAKING

I **,<Name >, <Designation>**, do here by solemnly affirm and declare as under in connection with for creation in intake/ new course for <name of institute> constituent with **<Name of University>.**

1. The Institution/University shall abide Faculty, Infrastructure facilities, and Financial viability the infrastructural laid down by All India Council of Technical Education (AICTE) time to time.

2. The Institution/University shall abide the all rules related to accreditation, criteria of competent statutory and all other condition mentioned in UGC Regulations, 2003 and Gujarat Private University Act, 2009.

(Signature & name
Registrar of Private University),
**Round Seal with (Designation) &**
**(Name of the organization)**